# મિતાક્ષરી

## રાધેશ્યામ શર્મા

### ૧. ગોવાંલણી : મલયાનિલ

પ્રારમ્ભકાળે જ વાર્તાના ચિત્રકાર કહેવાય એવી કળા મલયાનિલે એમની બહુ જાણીતી કૃતિમાં ધરબી દીધી હોય એમ લાગે છે. વ્રજની ગોરી ગોવાલણી દહીં વેચવા જતી, અહીં 'દૂધ લેવું સે-દૂધો'નો ટહુકો શેરીએ શેરીએ વેરતી 'દલી' (?) છે. પરણેલા નાયકના દૃષ્ટિકોણથી ગોવાલણીના અંગોપાંગોનું, આભૂષણોનું, ચાલઢાલનું વાર્તાકારે નકશીકામ-શી માવજતથી સાદ્યન્ત કર્યું છે. મનમાં વસી ગયેલી, હસી રહેલી ગોવાલણીની પાછળ પાછળ ચોરી ચોરી છૂપકેચૂપકે જવાની નાયક 'સંદનભાઈ'ની કૃષ્ણનુમા કર્ષણવૃત્તિનું વર્ણન લેખકે એટલી સહજતાથી કર્યું છે કે ઘણું બધું અનિવાર્ય જ લાગે. ગોવાલણી પણ પરણેલી છે તોયે કેડે પડી દોડેલ નાયક જ્યારે એમ પૂછે છે કે તારા વરની પેઠ 'હું તળાવમાં ઊભો રહી વાંસળી વગાડું તો મને આવડે ખરી ?' ત્યાં વાર્તાકારની રમૂજ પણ મધુર વક્તારૂપે પ્રત્યક્ષ થઈ છે.

મલયાનિલની આ ચતુર નાયિકા, ગાયને ગોવાળિયો દોરી જાય તેમ પોતાની છાપરી સુધી આંગિક વાચિક કૌશલ્યથી પ્રેમઘેલા નાયકને તાણી જાય છે જ્યાંથી એની જ પત્ની કોપાયમાન ચંડી સમી સાક્ષાત્ થાય છે!

વાર્તાનો અંત પણ સચોટ, પૂરી વાર્તા વાંચ્યા બાદ વધુ અસરકારક લાગે : 'ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાં : એક કાલિકા, બીજી જાદુગરણી ને ત્રીજો બેવકૂફ.

### ૨. મારી કમલા : કનૈયાલાલ મુનશી

પૂરી વાર્તા નાયકની એકોક્તિમાં પ્રસરી છે. નાયિકા કમલા સાથેનું લાગણીઘેરું તાદાત્મ્ય, આસક્તિની પરાકાષ્ઠા પ્રગટ કરતું નાયકની અ-ખંડ કમનસીબીનો અહેવાલ આપે છે. કમલા

પિતાવિહોણી, માના આધારે જીવતી અનાથ છે, નાયક પણ અનાથ છે. વયની દૃષ્ટિએ કોઈ મેળ નથી, કેમકે રૂપાળી ચકોર કમળા જ્યારે આઠ જ વર્ષની હતી ત્યારથી નાયક એને રમાડતો આવ્યો છે, ભણાવતો રહ્યો છે. પછી તો કઠોર હૃદયની પાપી માતા કોઈ રાજપૂત જોડે નાસી નીકળે છે ને મોટી વયના નાયકના આશરે રહેલી અંત પર્યંત 'મારી' કમલા બની રહે છે. ભાગી છૂટેલી મા પછી આવીને દીકરી-જમાઈ વચ્ચે વિચ્છેદનું બીજ રોપે છે તોયે કમલા પ્રત્યેનું સૌંદર્ય-આકર્ષણ ટકી રહે છે. દેશનિકાલ થઈ જવાનું કબૂલી તે પાછો ફરે છે ત્યારે ક્ષયગ્રસ્ત કમલાનું ઓચિંતું દર્શન આંચકો આપે છે, 'મારી' કમલા જે એક કાળે પ્રેમમૂર્તિ હતી દેહ છોડી ચાલી નીકળે છે !

રશિયન નવલકથાકાર નોબોકેવે પ્રૌઢ વયના નાયકની, દીકરીની ઉંમરની 'લોલિતા' પ્રત્યેની પ્રસક્તિ નિરૂપી એ પૂર્વે કદાચ અહીં ગુજરાતમાં તો મુનશીએ 'કાકાની શશી' નાટકનું હળવી રૉમાન્ટિક શૈલીમાં સર્જન કરેલું.' અહીં સાસુનું ચરિત્ર નાટક અને સિનેમાના વેમ્પ-ખલનાયિકાઓની ચાલમાં ઊતર્યું છે. વા-ર-તાનું નામ 'વડીલોના વાંકે' નાટકની પેઠે – 'સાસુના વાંકે' રાખ્યું હોત તો ખોટું ના થાત ! લેખકની મર્યાદા, પ્રસંગના વર્ણનને જતું કરી, એકપક્ષી ઊર્મિલ ઉભરા ઠાલવવામાં છતી થાય છે. દા.ત. અંતિમ ઉદ્‌ગાર 'કોને દુશ્મન ગણું ? દુનિયાને કે દુર્દૈવને ? વિષય વાસ્તવિકતાનું આવું આત્યન્તિક આત્મલક્ષી કથન ઊંચી કળાત્મકતા ક્યારેક જ સિદ્ધ કરી શકે છે. બાકી પરમ્પરાગત વાર્તાક્ષેત્રે આવી 'બોલ્ડ થીમ'ને મૂર્ત કરવાની મથામણ મુનશીએ જ દેખાડી, એને દાદ દેવી પડે.'

### ૩. સ્ત્રીહૃદય : ધૂમકેતુ

રંગદર્શી નવલિકાકાર રૂપે પ્રતિષ્ઠિત ધૂમકેતુ કૌતુકરાગ જાળવી રાખી એક ક્લાસિક સસ્પેન્સભર વાર્તા આપી શક્યા છે. મધરાત. ચન્દ્રનો ઉજાસ. ઘુવડનું ઘૂઘૂ...ઘૂ 'બંધૂક'ની ગોળી. ચળકતી છરીનો વિનિયોગ. બે મિયાણા વચ્ચે જૂની ધર્મશાળામાં ફસાયેલો વણિક